# ચાલો, પાછા બાળક બનીએ

કોઈપણ નાના ભૂલકાને (બાળકને) જોઈએ એટલે આપણા ચહેરા પર આછું સ્મિત આવી જાય. આપણને ગમે તેવી તકલીફ હોય, ગમે તેવી ચિંતા, તણાવ, હતાશા હોય પરંતુ બાળકનું સ્મિત, એની પ્રસન્નતા, એનો આનંદ આપણા બધા જ દુઃખોને એક ક્ષણ માટે વિસરાવી દે છે. કારણ છે બાળકની નિખાલસતા, કુતુહલતા અને નિર્દોષતા. બાળકના ચહેરા પરનું હાસ્ય દુનિયાનું સૌથી સુંદર હાસ્ય ગણાય છે. બાળકમાં કોઈ સ્વાર્થ નથી હોતો તેથી જ તેના હાસ્યમાં નિર્દોશતા જોવા મળે છે.

કવિ અશોક જાની "આનંદ"ની બે પંક્તિઓમાં બાળક વિષે ઘણું બધું કહી જાય છેઃ

પળમાં હસતું, પળમાં રોતું,
હસતાં હસતાં આંખો લ્હોતું,
જે દેખાતું એવું હોતું,
બાળક તેથી બાળક હોતું.

કહેવાય છે કે બાળકની નિર્દોષતી સમગ્ર જગતને સ્પર્શી જાય તો દુનિયા સ્વર્ગ બની જાય.

પરંતુ એ જ બાળક મોટું થવા લાગે છે ત્યારે આપણે મોટાઓ / વડીલો એના પર (એના મન પર) ચિતરામણ કરવાનું ચાલું કરી દઈએ છીએ. તેની નિર્દોષતા છીનવી લઈએ છીએ. તારો નાસ્તો તું જ કરજે, બીજાને ન આપતો. કોઈનો માર ખાઈને ન આવતો, સામો મારીને આવજે. આપણને આ નથી સમજાતું કે આ જ શીખવેલ સંસ્કારથી (કુસંસ્કાર વાંચો) એ બાળક યુવાનીમાં જ્યારે મા-બાપ સાથે આ રીતે વર્તે છે ત્યારે આપણને ગમતું નથી, આપણે એને સ્વીકારી શકતા નથી.

બાળક ઈશ્વરનું રૂપ છે, એમ કહેવામાં આવે છે, પરંતુ મનુષ્ય ઈશ્વરનું રૂપ છે, એમ ક્યારેય કહેવામાં નથી આવતું. બાળક એટલે ઈશ્વરનો તાજો ફોટોગ્રાફ કારણ કે એ નિર્દોષ છે, બિનપક્ષપાતી છે, એનામાં ઈર્ષ્યા- દ્વેષ નથી, હિંસા કે વેરવૃત્તિ નથી, છલ- કપટ નથી, જૂઠું બોલતા એને આવડતું નથી. બાળકમાં

મોટેભાગે સાત્વિક ગુણોની અધિકતા હોય છે. એનામાં બુધ્ધિ નહીં પણ હ્રદય શુધ્ધતા હોય છે.

પરંતુ એ જ બાળકને આપણે દુનિયાદારી શીખવી, સંકુચિત વૃત્તિવાળો બનાવી દઈએ છીએ. જેમ જેમ એ મોટો થતો જાય છે તેમ તેમ વય વધવાની સાથે તેનામાં ક્રોધ, અભિમાન, માયા-પ્રપંચ, મોહ, મદ, લોભ, આસક્ત, સ્વાર્થપ્રિયતા વગેરે દુર્ગુણો વધતા જાય છે અને એના પરિણામે એની નિર્દોષતા, નિર્મળતા, સદાચાર, નિસ્વાર્થતા ઘટતા જાય છે. મોટા થવાની પ્રોસેસમાં એ દંભના પડદા પાછળ ઘણુંબધું છુપાવતાં શીખી જાય છે.

આમ, માત્ર ને માત્ર 20-25 વર્ષના ગાળામાં એ નિર્દોષ બેફિકરો, આનંદિત, હસમુખો બાળક, પોતાનું સર્વસ્વ- સુખ, શાંતિ, પ્રસન્નતા, હળવાશ અને જીવનની મધુરતા ગુમાવી દે છે. કોઈક અજ્ઞાતે બહુ જ સાચું કહ્યું છેઃ

“બાળક એ તો નિર્દોષ ભગવાનનું સ્વરૂપ છે,

એ તો આપણે એને જગત દેખાડીએ છીએ.”

કોઈક નસીબદારને જ્યારે આ સત્ય સમજાય છે ત્યારે એ એક પ્રયત્ન આદરે છે કે ભલે હું ઉંમરથી ફરી બાળક ન બની શકું તો પણ મારી અંદર રહેલ બાળકને મારે જીવંત કરવો છે અને જીવંત રાખવો છે. કોઈક વિરલાઓ સ્વભાવથી બાળક જેવા નિર્દોષ બનીને રહે છે અને સંસારમાં પૂર્ણતા સાથે ખુશીથી જીવન જીવ્યે જાય છે. સ્વભાવ પરિવર્તન અને પરિસ્થિતિનો સ્વીકારભાવ એ જ સુખનું દ્વાર છે, એ જ દેવલોક છે, એ જ સ્વર્ગ છે અને એ જ મોક્ષ છે.

દુનિયાદારી શીખેલા આપણે આપણને ચાલાક અને હોંશિયાર સમજીએ છીએ પરંતુ એ જ ચાલાકી અને હોંશિયારી આપણને ચિંતા, તણાવ, હતાશામાં ઢાળી આપણને જીવનનો ખરો આનંદ, સત- ચિત્ત- આનંદ માણવા દેતા નથી, સુખ- શાંતિ- પ્રસન્નતામય બનવા દેતા નથી, જીવનની હળવાશ અને મધુરતા છીનવી લે છે.

ચાલો પાછા બાળક બનીએ.

એક નાનકડી કવિતા હમણાં વાંચવામાં આવીઃ

ચાલને સખી, બાળક બનીએ, ફરી પા-પા પગલી માંડીએ

આંખોમાં કુતૂહલને ભરી દુનિયા ફરીથી નિહાળીએ
જીવનમાં નિર્દોષતા ભરીએ, કોઈને ફરિયાદ ન કરીએ
ચિંતા અને ફિકરની ફાકી કરીને, રોજ જીવન નવું જીવીએ
ફૂલ, પંખી ને પવનની દોસ્તી કરીએ, હાથમાં લઈને હાથ ને દોડીએ
દરિયાને કિનારે જઈને, શંખ, છીપ ને મોતી વીણીએ
દૂર ગગનમાં વસતા પેલા, ચાંદ ને તારાની પાસે જઈએ
ચાલને સખી બાળક બનીએ.